
સાબરકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. સાબરડેરી, હિંમતનગર.
સબપોસ્ટ : બોરીયા, નેશનલ હાઇવે નં. ૮, હિંમતનગર, પીન- ૩૮૩૦૦૬

પીએસપી/એએચ/૨૦૨૬-૨૭ તા. ૨૫.૦૬.૨૦૨૬




# પરિપત્ર નંબર - ૧૮

પ્રતિ,
ચેરમેનશ્રી/ સેક્રેટરીશ્રી,

**વિષય** : સંઘના સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લાના પશુપાલકોના પશુઓ માટે નેક બેલ્ટ વેચાણથી આપવા બાબત.

મહાશયશ્રી,

આથી સંઘ સંયોજિત તમામ દૂધ મંડળીઓને જણાવવાનુકે સંઘ સાથે સંકળાયેલ સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લાના પશુપાલકોના પશુઓમાં પ્રજનન અને આરોગ્યને લગતી તમામ માહિતી પશુપાલકના મોબાઇલમાં મળી રહે તે હેતુથી COW MONITORING SYSTEM ( નેક બેલ્ટ) સંઘ દ્વારા પશુપાલકોની માંગણી મુજબ તા: ૦૧.૦૭.૨૦૨૬ થી વેચાણથી આપવાનું નક્કી કરેલ છે. સદર COW MONITORING SYSTEM ( નેક બેલ્ટ) લગાડવાથી પશુના ચોક્કસ વેતર/ગરમીની પરખ તથા તેને બીજદાન કરાવવાનો યોગ્ય સમયની માહિતી, પશુઓમાં બીમારીનો વહેલો સંકેત, પશુઓના ખોરાક પર નજર વગેરે જેવા ફાયદા પશુપાલકોને થાય છે. સંઘ દ્વારા COW MONITORING SYSTEM ( નેક બેલ્ટ) ના વેચાણ માટે સમાવેશ કરેલ કંપનીઓ તથા તેમના ભાવ નીચે મુજબ છે.

| ક્રમ | કંપનીનું નામ | પશુની સંખ્યા | કાઉ મોનીટરીંગ નેક બેલ્ટના ભાવ રૂપિયા (GST સાથે) પ્રતિ બેલ્ટ | ગેટવે/કન્ટ્રોલર ના ભાવ રૂપિયા (GST સાથે) | કલાઉડ ચાર્જ રૂપિયા ઈન્ટરનેટ માટે | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | પ્રથમ વર્ષ | બીજુંવર્ષ પ્રતિટેગ/પ્રતિ પશુ/પ્રતિવર્ષ | ત્રીજું વર્ષ પ્રતિટેગ/પ્રતિ પશુ/પ્રતિવર્ષ |
| ૧ | JIO PLATFORM LTD (મો.નં:- 7977706804) | ૧૦ થી ૨૦ | ૩૩૯૯.૦૦ | ૯૫૦૦.૦૦ | વિના મૂલ્યે | ૩૦૦.૦૦ | ૩૦૦.૦૦ |
| | | ૨૧ થી ૫૦ | ૩૧૫૦.૦૦ | ૯૫૦૦.૦૦ | વિના મૂલ્યે | ૩૦૦.૦૦ | ૩૦૦.૦૦ |
| | | ૫૧ થી વધુ | ૨૮૯૯.૦૦ | ૯૫૦૦.૦૦ | વિના મૂલ્યે | ૩૦૦.૦૦ | ૩૦૦.૦૦ |
| | | વોરંટી | ૧ વર્ષ | ૧ વર્ષ | *ફાર્મમાં **કન્ટ્રોલરથી ૧૦૦ મીટર એરિયામાં મોનીટરીંગ કરશે.** | | |
| ૨ | PROMPT EQUIPMENT (મો.નં:- 7573003234) | ૧૦ થી ૨૦ | ૪૨૪૮.૦૦ | ૨૭૭૩૦.૦૦ | વિના મૂલ્યે | ૩૫૪.૦૦ | ૩૫૪.૦૦ |
| | | ૨૧ થી ૫૦ | ૪૧૨૦.૦૦ | ૨૭૭૩૦.૦૦ | વિના મૂલ્યે | ૩૫૪.૦૦ | ૩૫૪.૦૦ |
| | | ૫૧ થી વધુ | ૪૦૩૬.૦૦ | ૨૭૭૩૦.૦૦ | વિના મૂલ્યે | ૩૫૪.૦૦ | ૩૫૪.૦૦ |
| | | વોરંટી | ૩ વર્ષ | ૩ વર્ષ | *ફાર્મમાં **કન્ટ્રોલરથી ૨૫૦ મીટર એરિયામાં મોનીટરીંગ કરશે.** | | |
| 3 | INTERVET INDIA PVT.LTD.(MSD) (મો.નં:- 9461428292) | ૧૦ થી ૨૦ | ૧૩૦૧૦.૦૦ | ૧૨૭૬૧૭.૦૦ | MSD કંપનીના COW MONITORING SYSTEM માં જરૂરિયાત મુજબ INTERNETની વ્યવસ્થા સભાસદ દ્વારા સ્વખર્ચે કરવાની રહેશે. | | |
| | | ૨૧ થી ૫૦ | ૧૨૭૦૦.૦૦ | ૧૨૭૬૧૭.૦૦ | | | |
| | | ૫૧ થી વધુ | ૧૨૩૯૦.૦૦ | ૧૨૭૬૧૭.૦૦ | | | |
| | | વોરંટી | ૫ વર્ષ | ૨ વર્ષ | ફાર્મમાં **કન્ટ્રોલરથી સીધું ૫૦૦ મીટર અને ડાબી / જમણી બાજુ ૧૦૦ મીટર એરિયામાં મોનીટરીંગ કરશે.** | | |

**નોધ :- ઉપરોક્ત ભાવ JIO PLATFORM LTD અને PROMPT EQUIPMENT માટે 3 વર્ષ માટે માન્ય રહેશે જયારે INTERVET INDIA PVT.LTD. (MSD) માટે ૧ વર્ષ માટે માન્ય રહેશે.**

**કાઉ મોનીટરીંગ સિસ્ટમ મેળવવાની શરતો**

- કાઉ મોનીટરીંગ સિસ્ટમનો ઉપયોગ કરવા માટે સભાસદના પશુઓ ખુલ્લા વાડામાં/લૂઝ ફાર્મ હોવું જરૂરી છે.
- કાઉ મોનીટરીંગ સિસ્ટમ લગાડવાની ઈચ્છા ધરાવતા સભાસદોએ ઓર્ડર દૂધ મંડળીના લેટરપેડ/ઓર્ડરબુકમાં સભાસદના નામ અને કોન્ટેકટ નંબર, નેક બેલ્ટ (પશુ) ની સંખ્યા તેમજ કંપનીના નામનો ઉલ્લેખ સહિતની વિગતે સંઘના નજીકના વેટરનરી સેન્ટર ઇન્ચાર્જશ્રીને મોકલી આપવાનો રહેશે. જે ત્યારબાદ વેટરનરી ડૉક્ટર મારફતે સ્થળ ચકાસણી કર્યા બાદ લગત દૂધ મંડળીના લેટર પેડ ઉપર સેક્રેટરીશ્રી/ચેરમેનશ્રીની દૂધ મંડળીમાં કપાત કરવા દેવાની બાંહેધરી લીધા બાદ સંઘના લગત અધિકારીને મોકલવામાં આવશે.
- ઓર્ડર મળ્યેથી  ૩ થી ૪ અઠવાડિયામાં કાઉ મોનીટરીંગ સિસ્ટમ પશુપાલકના ફાર્મ પર ઓર્ડરમાં દર્શાવેલ કંપની તેમજ નેક બેલ્ટની સંખ્યા મુજબ લગાવી આપવામાં આવશે. ત્યારબાદ દરેક **કાઉ મોનીટરીંગ નેક** બેલ્ટ ને પશુની ACTIVITYના આધારે સેટ કરવામાં આવે છે. (જે પશુમાં જે **કાઉ મોનીટરીંગ નેક** બેલ્ટ સેટ કરેલ હોય તે બીજા પશુમાં ઉપયોગ કરતા પહેલા સેટ કરાવવાના રહશે.)
- જે મંડળી સભાસદે/રજિસ્ટર્ડ ફાર્મ ધરાવતા સભાસદે કાઉ મોનીટરીંગ સિસ્ટમનો ઓર્ડર આપેલ હશે તે મુજબની કપાત કુલ રકમના સરળ ૧૮ હપ્તા (૬ માસ) મુજબ દર દસ દિવસે દૂધ મંડળીના દૂધ બિલમાંથી કપાત કરવામાં આવશે.
- કોઈ કારણસર કાઉ મોનીટરીંગ સિસ્ટમ બગડે અથવા અન્ય કોઈ મુશ્કેલી ઊભી થાય તો તેનું કંપનીની દર્શાવેલ વોરંટી મુજબ સર્વિસ/રીપેરીંગ કામ કરી આપવામાં આવશે. વોરંટી સિવાયનો અન્ય ખર્ચ સભાસદે ભોગવવાનો રહેશે.
- કાઉ મોનીટરીંગ સિસ્ટમના ઉપયોગ તથા વધુ જાણકારી માટે સંઘના અધિકારીનો મો. નં. ૯૪૨૮૫૧૩૬૮૪ પર ઓફીસ સમય દરમ્યાન સવારે ૮:૦૦ વાગ્યા થી સાંજે ૪:૦૦ વાગ્યા દરમિયાન સંપર્ક કરવો.
- જો કોઈ સભાસદના ફાર્મ પર પરિપત્રમાં દર્શાવેલ કંપનીની કાઉ મોનીટરીંગ સિસ્ટમ લાગેલ હશે અને તે સભાસદને જો ફક્ત નેક બેલ્ટ જ ખરીદવા હોય તો જે-તે કંપનીના પરિપત્રમાં દર્શાવેલ પશુ સંખ્યા મુજબના ભાવથી લગાડી આપવામાં આવશે. જો નેક બેલ્ટની સંખ્યા ૧૦ કરતાં ઓછી હશે તો જે-તે કંપનીના ૧૦-૨૦ પશુ સંખ્યા મુજબના ભાવથી પશુપાલકના ફાર્મ પર લગાડી આપવામાં આવશે તેમજ થતી કુલ રકમના સરળ ૧૮ હપ્તા (૬ માસ) મુજબ દર દસ દિવસે દૂધ મંડળીના દૂધ બિલમાંથી કપાત કરવામાં આવશે.

**સદર પરિપત્ર વ્ય. કમિટિની મિટીંગમાં વંચાણે લઇ સભાસદોને માહિતગાર કરવા નોટિસબોર્ડ પર પ્રસિધ્ધ કરવા વિનંતી છે.**

**વેટરનરી સેન્ટર ઇન્ચાર્જશ્રીઓના મોબાઈલ નંબર** :

| | | | |
|---|---|---|---|
| ઇન્ચાર્જ હિંમતનગર વેટરનરી | ૯૪૨૮૫૧૩૫૫૮ | ઇન્ચાર્જ મેઘરજ વેટરનરી | ૯૪૨૮૫ ૧૩૫૪૪ |
| ઇન્ચાર્જ ઈડર વેટરનરી | ૯૪૨૮૫૧૩૫૨૪ | ઇન્ચાર્જ માલપુર વેટરનરી | ૯૪૨૮૫૧૩૫૪૬ |
| ઇન્ચાર્જ વડાલી વેટરનરી | ૯૪૨૮૫ ૧૩૫૨૭ | ઇન્ચાર્જ બાયડ વેટરનરી | ૯૪૨૮૫ ૧૩૫૬૨ |
| ઇન્ચાર્જ ખેડબ્રહ્મા વેટરનરી | ૯૪૨૭૦૮૩૬૫૫ | ઇન્ચાર્જ ધનસુરા વેટરનરી | ૯૪૨૮૫૧૩૬૧૧ |
| ઇન્ચાર્જ ભીલોડા વેટરનરી | ૯૪૨૮૫૧૩૫૭૧ | ઇન્ચાર્જ તલોદ વેટરનરી | ૯૪૨૭૮૬૨૯૧૪ |
| ઇન્ચાર્જ શામળાજી વેટરનરી | ૯૪૨૭૪૮૧૫૮૨ | ઇન્ચાર્જ પ્રાંતિજ વેટરનરી | ૯૪૨૯૪૫૭૮૬૭ |
| ઇન્ચાર્જ મોડાસા વેટરનરી | ૯૪૨૮૫૧૩૫૫૦ | | |

**આભાર સહ...**

નકલ રવાના:

આપનો વિશ્વાસુ,

Sd/

(શ્રી સુભાષચંદ્ર વી પટેલ)

મેનેજીંગ ડીરેક્ટર,

સાબરડેરી, હિંમતનગર.

૧. ચેરમેનશ્રી તથા તમામ ડીરેક્ટરશ્રીઓ તરફ

૨. તમામ વિભાગીય વડાઓ તરફ

૩. ઇન્ચાર્જશ્રી તમામ શીતકેન્દ્ર/વેટરનરી/એમપીઓ તથા ફિલ્ડ સ્ટાફ તમામ